# આજે સોમવતી અમાવાસ્યા...

## અમાવાસ્યા યદાપાર્થ સોમવારાન્વિતાભવેત તદા પૂણ્ય તમ : કાલ્વે દેવાનામપિ દુર્લભ

**અર્થાત** : વિક્રમ સંવતના જે મહીનાની જે અમાસ સોમવારે આવતી હોય તેને ''સોમવતી અમાસ'' કહે છે.તે દિવસનો પૂણ્યકાળ માણવો એ દેવો માટે પણ દુર્લભ ગણાય છે.સોમવતી અમાવાસ્યનું આગવું મહત્વ છે.આ દિવસે જળાશયોમાં સ્નાન કરવાનો મહિમા છે.

સોમવતી અમાસએ ભાવનાત્મક એકતાનું પર્વ છે.એકતા અને અખંડીતતાનું પ્રતિક છે.આ પરમ પવિત્ર દિવસે વિભિન્ન સ્થાનો - જળાશયો પર પર્વસ્નાન કરવું અતિહિતકારી અને પૂણ્યકારી ગણાય છે.આ પવિત્ર સોમવતી અમાસનું મહત્વ સત્યુગથી છે. વિક્રમ સંવત - ૨૦૭૭ ચૌદમી ડીસેમ્બર-૨૦૨૦ને કારતક વદ - અમાવાસ્યાને સોમવાર એટલે સોમવતી અમાવાસ્યા. કારતક માસનો અંતિમ દિવસ – દર્શ સોમવતી અમાસ.આજે ખગ્રાસ સૂર્યગ્રહણ છે જે ભારતમાં દેખાવવાનું નથી.હવામાનમાં ફેરફાર થયો છે.કોરોના કોવીડનો આતંક પણ છે,શિવાલયોમાં યજ્ઞ–હોમ હવન દાન દક્ષિણાને વ્રતધારી આ વ્રત – ઉપાસનાની શિવને પ્રાર્થના કરી પૂર્ણ કરશે.સોમવતી અમાસનું મહાત્મ્ય દર્શાવતી એક દંતકથા આપણે જોઈશું.



પ્રાચીનકનળમાં દેવો અને દાનવો વચ્ચે યુધ્ધ થયું.યુધ્ધમાં દેવોની હાર થવા લાગી અને દાનવોની વિજય પતાકા લહેરાવવા લાગી.ઈન્દ્રનું ઈન્દ્રાસન ડોલવા લાગ્યું.દેવો ચિંતાતુર હતા.તેમણે વિષ્ણુ ભગવાનને પ્રાર્થના કરી વિષ્ણુ ભગવાને દધિચી ઋષિના પીઠના હાડકાનું શસ્ત્ર બનાવી તેનો યુધ્ધમાં ઉપયોગ કરવાનું કહયું.

ઈન્દ્ર બ્રાહ્મણનો વેશ ધારણ કરી દધિચી ઋષિ પાસે ગયા.દાનમાં પીઠના હાડકાની માગણી કરી.ઋષિએ ''તથાસ્તુ''કહયું પણ એક શરત મુકી કે તેઓ અસ્થિદાન આપશે પણ તે પહેલાં દેશના સર્વતિર્થોમાં સ્નાન કર્યા બાદ જ.એટલે દેવાધિદેવ ઈન્દ્રે ઋષિને સન્નિહિત સરોવરમાં સોમવતી અમાસના દિવસે સ્નાન કરવાથી તેમની દરેક ઈચ્છા પરિપૂર્ણ થશે અને જે જે તીર્થસ્થાનો , દેવ– દેવીઓનું સ્મરણ કરશે તે તે સ્વયં પ્રગટ થશે તેમ કહયું.

કહેવાય છે કે,દધિચીઋષિએ સોમવતસ અમમાસે સન્નિહિત સરોવરમાં તે રીતે સ્નાન કર્યુ અને જે જે તીર્થો,દેવ–દેવીઓનું સ્મરણ કર્યુ તે ત્યાં પ્રગટ થયાં.આમઋષિની મનોકામના પરિપૂર્ણ થતાં ઋષિવર્યે પોતાનું જીવન સમર્પિત કર્યુ,તેમવા પીઠના હાડકામાંથી શસ્ત્ર તૈયાર થયું અને તેનો ઉપયોગ યુધ્ધમાં દેવોએ કરતાં દેવતાઓએ દાનવો પર વિજય પ્રાપ્ત કર્યો.

કહેવાય છે કે ,જે દિવસે સોમવાર અને અમાસનો યોગ થયો હોય ત્યારે જળમાં ગંગા,પુષ્કરતીર્થ અને કપિલધારાનો ત્રિવેણી સંગમ થાય છે.આ પરમ પવિત્ર દિવસે પૃથ્વી,આકાશ અને સ્વર્ગના સર્વતીર્થસ્થાનો જળાશયમાં આવીને વસે છે,તેથી જ આ દિવસે વ્રતધારી અથવા કોઈપણ વ્યકિતએ કરેલ તીર્થ સ્નાન,દાન–દક્ષિણા,યજ્ઞ–હોમ હવન,ધ્યાન–પૂજા વગેરે ''અક્ષય''બને છે.મધ્યાહન સમયે સૂર્યાસ્ત પછી જયારે વાર અને તિથિનો સુભગ યોગ થતો હોય તે સમયને પૂણ્યકાળ કહે છે.આવા પૂણ્યકાળ દરમ્યાન પ્રારંભ કરેલ દરેક કાર્યો માંગલીક બની પરિપૂર્ણ બને છે.

આવા સોમવારના શુભ દિવસે પીપળાના વૃક્ષાનું અર્ચન– પૂજન કરવાથી પાપો નાશ પામે છે.જન્મ–જન્માંતર સુધી સૌભાગ્ય પ્રાપ્ત થાય છે.પુત્ર–પૌત્રાદીની અભિવૃધ્ધિ થઈ વંશવેલો જળવાઈ રહે છે.

આ વિક્રમ સંવત – ૨૦૭૭ ચૌદમી ડીસેમ્બર – ૨૦૨૦ને કારતક વદ– અમાવાસ્યાને સોમવાર આ પવિત્ર દિવસે પીપળાના વૃક્ષને જળ રેડી સુતરના તાંતણા વીટવા અને વિષ્ણુ ભગવાનની પ્રાર્થના– સ્તુતિ કરવી. આરતી–પૂજા કરી પીપળાના વૃક્ષની પ્રદક્ષિણા કરવી.પ્રદક્ષિણા ફરતી વખતે ''ઓમાયૈ નમઃ'' અને ''સોમાય નમઃ''મંત્રનો જાપ કરવાથી વાંચ્છિત ફળ પ્રાપ્ત થાય છે આમ,સોમવતી અમાસના દિવસે પીપળાના વૃક્ષની ૧૦૮ વાર પ્રદક્ષિણા એકલા અથવા ફળ સાથે ઉપરોકત મંત્રથી કરવામાં આવે તો વિષ્ણુ ભગવાનની કૃપા દષ્ટિ થાય છે ને તે સર્વ મનોકામના પરિપૂર્ણ કરે છે.સોમવતી અમાસ શ્રાવણમાસમાં ઘણા વર્ષો બાદ આવતાં તેનું મહત્વ ઘણું હોવાનં મનાય છે.આજના દિવસે કરેલ તમામ તપ– વ્રત દાન– પૂણ્યનું યોગ્ય ફળ પ્રાપ્ત થાય છે તેવું શાસ્ત્રોમાં કહયું છે.

- યશપાલસિંહ ટી.વાઘેલા

# શ્રી સ્વામિનારાયણ મંદિર સોજાનો ૪૦મો પાટોત્સવ યોજાયો...

## વ્યસનમુક્તિ શિબિર યોજાઈ...

ગાંધીનગર, તા. ૧૩

શ્રી સ્વામિનારાયણ ગાદી સુવર્ણ મહોત્સવના ઉપક્રમે, શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન, શ્રી સ્વામિનારાયણ મંદિર સોજાનો ૪૦ મો પાટોત્સવ આચાર્યશ્રી જીતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામીજી મહારાજની પ્રેરણાથી ઉજવાયો સાથે વ્યસનમુક્તિ શિબિરનું પણ આયોજન કરાયું હતું.


આ પ્રસંગે મહંત સદગુરુ શ્રી ભગવતપ્રિયદાસજી સ્વામીએ પાટોત્સવ વિધિ કરી શિબિરમાં જણાવ્યું હતું કે મનુષ્યે પોતાના જીવનમાંથી વ્યસનોને સંપૂર્ણ તિલાંજલિ આપવી કેમકે વ્યસનના આભૂષણ વગરના જ માનવીનું જ જીવન મહેકે છે.

સં.શિ. શ્રી દિવ્યસ્વરૂપદાસજી સ્વામી, સં.શિ. અનંતાનંદદાસજી સ્વામી, સં. શિ. ધર્મતનુજદાસજી સ્વામી, સં. શિ. પરમાનંદ દાસજી સ્વામી ઉપસ્થિત રહ્યા હતા.






# ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં ઓનલાઈન ફેન્સીડ્રેસ સ્પર્ધા યોજાઈ




ગાંધીનગર,તા. ૧૩

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં પ્રિ-પ્રાઈમરી વિભાગના બાળકો દ્વારા ૧૭ માં સ્કૂલ ફાઉન્ડેશન ડે ની ઊજવણી નિમિત્તે ઓનલાઈન ફેન્સીડ્રેસ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું જેમાં બાળકો અને વાલીઓએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં બાળકોએ અત્યારની COVID-19 ની પરિસ્થિતિને ધ્યાનમાં રાખી Dettol, Corona Virus અને whats app વગેરે જેવી વેશભૂષા ભજવી કાર્યક્રમને સફળ બનાવ્યો હ્તો.

# પર્યાવરણ પ્રેમી પિતા તથા પુત્રીને સર્પ બચાવ માટે 'ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડઝ' દ્વારા પ્રશસ્તિ પત્ર તથા મેડલથી સન્માનિત કરાયા

ગાંધીનગર, તા. ૧૩

કુડાસણ પાટીયા પાસે રહેતાં તથા બરોડા ગુજરાત ગ્રામીણ બેંક, સેક્ટર ૭ ડી ખાતે બ્રાન્ચ મેનેજર તરીકે ફરજ બજાવતા પ્રદીપ સોલંકી તથા તેમની દિકરી ધ્રુવા દ્વારા તારીખ ૧ જાન્યુઆરી ૨૦૧૮ થી તારીખ ૨૨ નવેમ્બર ૨૦૨૦ સુધી માં છેલ્લા ત્રણ વર્ષમાં ગાંધીનગર શહેર તથા આસપાસ નાં રહેણાંક અને ઓફિસ વિસ્તારમાં થી કુલ ૩૦૦ ઉપરાંત સાપ બચાવીને માનવ વસવાટ થી દૂર જંગલ વિસ્તારમાં મુક્ત કરવાની નિઃશુલ્ક/નિસ્વાર્થ કામગીરી કરવા માટે 'ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડઝ' દ્વારા પ્રશસ્તિ પત્ર તથા મેડલ થી સન્માનિત કરવામાં આવ્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે પિતા-પુત્રી દ્વારા (છેલ્લાં ત્રણ વર્ષ) વર્ષ ૨૦૧૮ માં ૧૦૧ (એક્સો એક) સાપ, વર્ષ ૨૦૧૯ માં ૧૨૯(એક્સો ઓગણત્રીસ) તથા વર્તમાન વર્ષ ૨૦૨૦ માં ૧૩૮(એક્સો આડત્રીસ) સાપ બચાવવામાં આવ્યા છે.




# શાહપુર શાળાના આચાર્ય દ્વારા શાળામાં 'આજનો દિવસ, મારો દિવસ' નવતર પ્રયોગ હાથ ધરાયો


ચિલોડા, તા. ૧૩

ગાંધીનગર તાલુકાની શાહપુર શાળાના આચાર્ય અશ્વિનભાઈ પ્રજાપતિ દ્વારા શાળામાં 'આજનો દિવસ, મારો દિવસ' નવતર પ્રયોગ રજૂ કરવામાં આવ્યો હતો. આ પ્રયોગમાં અશ્વિનભાઈ દ્વારા નિયમિત એક પેજ તૈયાર કરવામાં આવે છે જેને શાળાના તમામ ધોરણના હોમ લર્નિંગ ગ્રૂપ, ગાંધીનગરના તમામ આચાર્યના ગ્રૂપ ઉપરાંત ગુજરાતના અન્ય જિલ્લાના આચાર્યના ગ્રૂપ તતા સીઆરસી ગ્રૂપમાં શાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષકો માટે મોકલવામાં આવે છે.

આ ગ્રૂપમાં દરરોજ તારીખ મુજબ આવતો વિશેષ દિવસ, સાથે ગુજરાત રાજયના સામાન્ય જ્ઞાનના પાંચ પ્રશ્નો, એક સુવિચાર, અને તે તારીખ બનેલ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ઘટનાઓ સમાવી લેવામાં આવે છે આ પેજ નિયમિત રીતે બિનચૂક સવારે તૈયાર કરી મૂકી દેવામાં આવે છે.

આ નવતર પ્રયોગ દ્વારા વિદ્યાર્થીઓ જે તે તારીખે બનેલ વિશેષ દિવસની માહિતી મેળવી શકે છે, સાથે સાથે દેશવિદેશમાં બનાતી ઘટનાઓથી માહિતગાર થઈ શકે છે. અને ગુજરાત રાજયની વિવિધ સામાન્ય માસના અંતે તમામ ૩૦ દિવસની પુસ્તિકા તૈયાર કરવામાં આવે છે. જેથી વિદ્યાર્થીઓ અને શિક્ષકો અગાઉની દિવસની માહિતી જોઈ શકે છે. શાહપુર શાળા અને ગુજરાતની અન્ય શાળાના શિક્ષકો અને આચાર્યો દ્વારા આ પેજનો નિયમતિ અભ્યાસ કરવામાં આવે છે. આ વર્ષે ગાંધીનગર જિલ્લા શિક્ષણ અને તાલીમભવન દ્વારા આયોજિત જિલ્લાકક્ષાના એજ્યુકેશન એન્ડ ઈનોવેશન ફેસ્ટિવલમાં શાહપુર શાળા દ્વારા તૈયાર કરેલ આ નવતર પ્રયોગ રજૂ થનાર છે.




सबके लिए सरकारी शिक्षा, बेहतर हो हमारी शिक्षा

આજની દિન વિશેષ પ્રવૃત્તિઓ

૧૫ ડિસેમ્બર

આજની પ્રશ્નોત્તરી

1. અમદાવાદમાં વિદેશી કાપડની તથા શરાબની દુકાનો બંધ કરાવવાનું નેતૃત્વ કોણે લીધું હતું ? મૃદુલા સારાભાઇ
2. ભારતમાં દરરોજ થતી એકમાત્ર પદયાત્રા કઈ છે ? અમદાવાદ હેરીટેઝ વોક
3. ગુજરાતી સાહિત્યમાં શ્રેષ્ઠ હાસ્યલેખક તરીકે કોની ગણના થાય છે ? જ્યોતીન્દ્ર દવે
4. અનાથ બાળકોને આશ્રય મળી રહે તેની શુભ શરૂઆત કોણે કરી ? મહીપતરામ રૂપરામ
5. ગુજરાતમાં આવેલ પ્રસિદ્ધ જ્યોતિર્લીંગ સોમનાથના નામનો અર્થ શું થાય છે ? ચંદ્રનો રક્ષક

આજનો સુવિચાર

સફળતાના પાયામાં હંમેશાં સંઘર્ષ જ હોય છે.

આજનો દિન વિશેષ

રાષ્ટ્રીય ઘટનાઓ:-

1. ૧૯૧૧ - બનારસ હિન્દુ યુનિવર્સિટી સોસાયટીની સ્થાપના કરવામાં આવી હતી.
2. ૧૯૫૦ - ભારતના સ્વાતંત્ર્ય સેનાની અને સ્વતંત્ર ભારતના પ્રથમ ગૃહ પ્રધાન સરદાર વલ્લભભાઇ પટેલનું અવસાન થયું હતું.
3. ૧૯૯૮ - ભારતે બેંગકોકમાં એશિયન ગેમ્સમાં કબડ્ડીમાં સતત ત્રીજો ગોલ્ડ મેડલ જીત્યો.

આંતરરાષ્ટ્રીય ઘટનાઓ:-

1. ૧૯૬૬ - વિશ્વની સૌથી મોટી એનિમેશન કંપનીના સ્થાપક, વોલ્ટ ડિઝનીનું અવસાન થયું.
2. ૧૯૭૦ - રશિયન અવકાશયાન વેનેરા -7નું સફળતાપૂર્વક શુક્ર પર ઉતરાણ થયું.
3. ૧૯૭૧ - બાંગ્લાદેશ એક સ્વતંત્ર રાષ્ટ્ર બન્યું

આંતરરાષ્ટ્રીય ચા દિવસ

સરદાર પટેલની પુણ્યતિથિ

પ્રેરક અને માર્ગદર્શન : જાગૃતિ અટારા, નેશનલ મોટીવેટર, ગુજરાત, નવોદય ક્રાંતિ પરિવાર - ભારત

તૈયાર કરનાર : અશ્વિન પ્રજાપતિ, મુખ્ય શિક્ષક, શાહપુર પ્રા. શાળા, તા.જી. ગાંધીનગર, મો. ૯૭૨૪૦૮૦૯૮૧

# શ્રી જે.બી. પ્રાથમિક શાળા દ્વારા ઓનલાઈન રંગોળી સ્પર્ધા યોજાઈ



ગાંધીનગર, તા. ૧૩

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત જે.બી. પ્રાથમિક શાળાના ધોરણ ૬ થી ૮ ના વિદ્યાર્થીઓ માટે તા. ૧૧/૧૨/૨૦૨૦ ને શુક્રવારે ઓનલાઈન રંગોળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બધા જ વર્ગના કુલ ૪૦ વિદ્યાર્થીઓ એ ખૂબ ઉત્સાહપૂર્વક ભાગ લીધો અને વિવિધ પ્રકાર ની સુંદર રંગોળી બનાવી હતી. વાલીશ્રીઓએ આ અંગે સકારાત્મક અભિપ્રાય આપી આ સ્પર્ધાને આવકારી હતી. શાળાનાં આચાર્યશ્રી નીલાબેન પટેલે માતા પિતાનાં સહયોગથી અને શિક્ષકો ના માર્ગદર્શન થી ભાગ લઈ સુંદર રંગોળી બનાવનાર વિદ્યાર્થીઓને તથા વાલીશ્રીઓને અભિનંદન પાઠવ્યાં હતાં.

# જન્મદિને વધામણી


ગીતાબેન અશ્વિન જટિયા


રમેશચંદ્ર વેણીશંકર ભટ્ટ


મંજુલાબેન એસ સોલંકી
મો. ૯૪૨૯૦ ૨૭૮૨૨


કુલદીપસિંહ શૈલેષસિંહ સિસોદીયા

# મગોડી સ્થિત રાહેલબા વૃદ્ધાશ્રમમાં ૫૦મી લગ્નતિથિ નિમિત્તે કરિયાણાની કીટ આપી ઊજવણી કરી




ચિલોડા, તા. ૧૩

જિંદગીમાં માનવતાની દૃષ્ટિએ ભૂખ્યાજનોની જઠરાગ્નિ ઠારશો. તરસ્યાને જળ પાશો ઉક્તિને ચરિતાર્થ કરવા અનેક સેવાભાવી નાગરિકો જનસેવા એજ પ્રભુ સેવા સૂત્રને વરેલા હંરહંમેશ સેવા અનપાવવા તત્પર હોય છે.


ત્યારે સમાજમાં નાના ભૂલકાં - નવયુગલો અને વડીલો દ્વારા અનેક તીથિ જેવી કે જન્મતિથિ, પુણ્યતિથિ - લગ્નતિથિના પ્રસંગોને દાનપુણ્ય કરી ઉજવણી કરવાનો મહિમાને અનુસરીને ધન્યતા અનુભવે છે.

ત્યારે ગાંધીનગર તાલુકાના મગોડી સ્થિત રાહેલબા વૃદ્ધાશ્રમમાં અશક્ત, નિરાધાર, મંદબુદ્ધિ, ત્યકતા, વિકલાંગ જેવા ૪૫થી વધુ નાગરિકોની નિઃસ્વાર્થ પણે સેવા સૂષુષા થઈ રહી છે. જેમાંક સેવાભાવી પરિવારમાં કિરીટાભાઈ નટવરલાલ શાહ તથા ચંદ્રિકાબેન કિરીટભાઈ શાહની ૫૦મી લગ્નતિથિ નિમિત્તે તેમના સુપુત્ર મનનભાઈ હાલ વર્જિનિયા સ્થિત તરફથી અંદાજે રૂા.૧૧, ૦૦૦/- ની કરિયાણાની કીટ સંસ્થાને ભેટ અર્પણ કરી હતી. આ ભેટ અર્પણ કરતા સંસ્થાના હોદ્દેદારોએ પરિવારનો આભાર માન્યો હતો.

# પરમ રામભક્ત, દાતા રામશંકર બાજોરિયાનું વૃંદાવનમાં નિધન

ગાંધીનગર, તા. ૧૪

પરમ રામભક્ત અને દાતા શ્રી રમાશંકર બાજરીયા એ વૃંદાવનમાં અંતિમ શ્વાસ લીધા.



રમાશંકર બાજોરિયા દિલ્હીના કાપડના ખૂબ મોટા વેપારી હતાં.રામકથા અને તલગાજરડા સાથે અન્ય રીતે જોડાયેલાં હતાં. પૂ.મોરારીબાપુએ બાજોરિયાજીને શ્રદ્ધાંજલિ આપતા જણાવ્યું કે 'બાજોરિયાજી શિવ ઉપાસક હતાં.અને કૃષ્ણની પ્રિતિ પણ એટલી જ ધરાવતાં હતાં. તેથી તેમના પુત્રોએ વૃંદાવનથી દિલ્હી આવવા વિનંતી કરી પરંતુ તેઓ અહીં જ સ્વધામ જવા માંગતા હોય વૃંદાવન થી જ તેમણે વિદાય લીધી. તેમણે દેહ છોડયો પણ વૃંદાવનમાં ન છોડયું. બાજરિયાજીના નિર્વાણને સાદર પ્રણામ.'

રમાશંકર બાજોરિયા પૂ.મોરારી બાપુની રામકથાબાગના મહત્વના કુસુમ હતાં. અત્યાર સુધીમાં પૂજ્ય મોરારી બાપુની ૨૨ કથાઓના તેઓ યજમાન રહી ચૂક્યાં છે. એટલું જ નહીં તલગાજરડા દ્વારા આયોજિત હનુમંત મહોત્સવના સુચારું આયોજનમાં તેઓ ગાઢ રીતે તન-મન-ધનથી સંકળાયેલાં હતાં. આ મહોત્સવમાં મહેમાનોને નિમંત્રિત કરવાથી લઈને વિદાય આપવા સુધીની જવાબદારી શ્રરમાશંકર બાજોરિયાજી ઉર્ફે બાબુજી સંભાળતાં હતાં. તેથી તલગાજરડાની પ્રીતિ હંમેશા તેમની સાથે જોડાયેલી રહી છે.